GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

# "રાષ્ટ્રીય એકતા માટે બહુસાંસ્કૃતિક સમાજમાં શિક્ષણની ભૂમિકાનો વિશ્લેષણાત્મક અભ્યાસ"

ડૉ . મનીષા બી. પરમાર
આસિસ્ટન્ટ પ્રોફેસર
ક્રિશ્ચિયન કૉલેજ ઑફ એજ્યુકેશન,આણંદ.
Email ID – manisha75124@gmail.com

**સારાંશ**

ભારત વિશ્વનો સૌથી મોટો બહુસંસ્કૃતિ ધરાવતો દેશ છે. અહીં વિવિધ ભાષા, ધર્મ, જાતિ, પરંપરા, જીવનશૈલી,પ્રાદેશિક વૈવિધ્ય ધરાવતા લોકો સાથે મળીને રહે છે. આવી વિવિધતાઓ ધરાવતા સમાજને "બહુસંસ્કૃતિ સમાજ" કહેવાય છે. આવા બહુસંસ્કૃતિ સમાજમાં રાષ્ટ્રીય એકતા જાળવવી એ એક મહત્વપૂર્ણ સામાજિક જરૂરિયાત તો છે જ સાથે દેશની અખંડિતતા અને વિકાસ માટે આવશ્યક પણ છે. જ્યારે લોકો પોતાના ભેદભાવોને ભૂલીને દેશના હિત માટે એક જૂથ થાય છે, ત્યારે દેશ મજબૂત બને છે. રાષ્ટ્રીય એકતા, શાંતિ, સ્થિરતા અને સામાજિક સુમેળ જાળવવામાં મદદરૂપ બને છે. ભારત જેવાં વિવિધતભર્યા દેશમાં રાષ્ટ્રીય એકતા એક અગત્યનો અને સંવેદનશીલ વિષય છે. વિવિધતા રાષ્ટ્રની શક્તિ પણ બની શકે છે અને જો યોગ્ય સંકલન ન થાય તો વિભાજનનું કારણ પણ બની શકે છે.આ ભગીરથ કાર્ય પડકારજનક છે. શાળા શિક્ષણ વિદ્યાર્થીઓમાં સહઅસ્તિત્વ, સહિષ્ણુતા, સમાનતા અને રાષ્ટ્રીય ભાવના જેવા મૂલ્યોનું નિર્માણ કરી ભારતની રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવી શકે છે. આ સંશોધન પેપરમાં બહુસાંસ્કૃતિક પરિસ્થિતિમાં શાળા શિક્ષણની ભૂમિકા દ્વારા રાષ્ટ્રીય એકતા કેવી રીતે મજબૂત બને છે તેનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે.

બહુસાંસ્કૃતિક સમાજમાં રાષ્ટ્રીય એકતાના મહત્વ, તેના સમક્ષ ઊભા પડકારો અને સંભાવનાઓનું વિશ્લેષણ કરે છે. ભાષા, ધર્મ, જાતિ અને પ્રાદેશિકતાનાં આધારે ઊભા થતાં મતભેદો, રાજકીય સ્વાર્થ, સામાજિક અસમાનતા અને આર્થિક અસંતુલન જેવાં પરિબળો રાષ્ટ્રીય એકતાને અસર કરે છે. સાથે સાથે, બંધારણીય મૂલ્યો, શિક્ષણ, સાંસ્કૃતિક આદાન–પ્રદાન, લોકશાહી અને સામાજિક ન્યાય જેવાં તત્વો એકતાને મજબૂત બનાવે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

આ અભ્યાસમાં રાષ્ટ્રીય એકતા માટે “વિવિધતામાં એકતા”ના સિદ્ધાંતને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યો છે. બહુસંસ્કૃતિ સમાજમાં પરસ્પર સન્માન, સહઅસ્તિત્વ અને સહકાર દ્વારા રાષ્ટ્રીય સમરસતા સ્થાપિત કરી શકાય છે. બહુસાંસ્કૃતિક વિવિધતાને સ્વીકારીને રાષ્ટ્રીય એકતા વધુ મજબૂત અને સમૃદ્ધ બનાવી શકાય.

**મુખ્ય શબ્દો:** રાષ્ટ્રીય એકતા, બહુસાંસ્કૃતિક સમાજ,શાળા શિક્ષણ, શિક્ષણ

**પરિચય**

આધુનિક વિશ્વમાં મોટાભાગના દેશો બહુસંસ્કૃતિ સ્વરૂપ ધરાવે છે.ભારત તેનું જીવંત ઉદાહરણ છે, “વૈવિધ્યમાં એકતા” ભારતની વિશેષતા હોય, આ પરિસ્થિતિમાં રાષ્ટ્રીય એકતાનું સંવર્ધન શિક્ષણ પ્રણાલી દ્વારા શક્ય બને છે. શાળા સ્તરે વિદ્યાર્થીઓના મનમાં દેશપ્રેમ, સહિષ્ણુતા અને માનવતાના મૂલ્યોનું સંસ્કારણ કરવામાં આવે તો તેઓ ભવિષ્યમાં જવાબદાર નાગરિક બની શકે. રાષ્ટ્રીય એકતાથી ભારતવાસીના મનમાં એક પોતાપણની લાગણી અને પ્રેમ ઉત્પન્ન કરી ભારતના ભાવિ વિકાસને ગતિશીલ બનાવી શકાય છે. રાષ્ટ્રની સંસ્કારિક્તા અને તેમાં રહેલા મૂલ્યો પ્રત્યે આદર અને લાગણી રાષ્ટ્રીય ભાવાત્મક ઐચકચનો પાયો છે. કોઈ એક વ્યકિત કે જૂથનો વિકાસ કે પ્રગતિના ધ્યેયને બદલે ‘દેશ સુખી તો હું સુખી ‘ તેવી ભાવના ભારત દેશનો દરેક નાગરિક પોતાનામાં વિકસાવે એ જરૂરી છે. સમગ્ર સમાજના હિતને ધ્યાનમાં રાખવું,હું કે મારેને બદલે આપણે અથવા આપણાની ભાવના પણ એટલી જ મહત્ત્વની છે. સાંસ્કૃતિક વિભિન્નતા ધરાવતા ભારત દેશમાં રાષ્ટ્રીય એકતાના મૂલ્યને પ્રસ્થાપિત કરવા માટે શિક્ષણ જ ઉત્તમ સાધન અને માધ્યમ છે.

**1. બહુસાંસ્કૃતિક પરિસ્થિતિ અને રાષ્ટ્રીય એકતા**

બહુસાંસ્કૃતિક સમાજમાં વિવિધ સંસ્કૃતિઓનું સહઅસ્તિત્વ જોવા મળે છે. આ વૈવિધ્ય ક્યારેક મતભેદ અને વિખવાદનું કારણ બની શકે છે. તેથી રાષ્ટ્રીય એકતા માટે આવશ્યક છે કે નાગરિકોમાં સમાનતા, ભાઈચારો અને બંધારણીય મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતા વિકસે. ભારતના બંધારણે ધર્મનિરપેક્ષતા, સમાનતા અને ન્યાયના સિધ્ધાંતો સ્વીકાર્યા છે. આ મૂલ્યોનું પ્રસારણ શિક્ષણ ધ્વારા જ અસરકારક રીતે થઈ શકે છે.

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

## 2. રાષ્ટ્રીય એકતા માટે બહુસાંસ્કૃતિક સમાજમાં શિક્ષણની ભૂમિકા

### 2.1 મૂલ્ય શિક્ષણ

જે દેશના નાગરિકોમાં રાષ્ટ્રનિષ્ઠા અને રાષ્ટ્રપ્રેમ ઊંચા છે તે દેશની પ્રગતિ અને વિકાસ ઝડપી બને છે. શિક્ષણ દ્વારા સમાનતા, સહિષ્ણુતા, અહિંસા અને લોકશાહી મૂલ્યોનો વિકાસ થવો જોઈએ છે. મહાત્મા ગાંધીએ પણ માનવતાના વિકાસ માટે શિક્ષણને જરૂરી ગણાવ્યું હતું.

દેશના લોકોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વિકસે તે માટે શાળાકક્ષાએ થી જ પ્રયત્ન થવા જોઈએ. જો શાળાકક્ષાએ થી જ બાળકોમાં રાષ્ટ્રપ્રેમનું મૂલ્ય ખિલવામાં આવશે તો દેશના બાળકો મોટાં થયા પછી પણ તેમનામાં રાષ્ટ્રપ્રેમની ભાવનની જ્યોત જલતી રહેશે.

### 2.2 બંધારણીય મૂલ્યોનો પ્રચાર

ભારતનું બંધારણ ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારા પર આધારિત છે. આ મૂલ્યો સમાજમાં પરસ્પર આદર અને સહકારની ભાવના વિકસાવી શકે છે. ભાઈચારો રાષ્ટ્રીય એકતાનું મુખ્ય તત્વ છે. શિક્ષણ દ્વારા આ મૂલ્યો નાગરિકોમાં પ્રસરાવવામાં આવે તો, સમાનતા અને ન્યાયના સિદ્ધાંતને વિવિધ સમુદાયો વચ્ચે વિશ્વાસ અને એકતાને મજબૂત કરશે. ભારત ધર્મનિરપેક્ષ દેશ છે. દરેક વ્યક્તિને પોતાનો ધર્મ માનવાનો અને પ્રચાર કરવાનો અધિકાર છે. આ સ્વતંત્રતા બહુસાંસ્કૃતિક સમાજમાં શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ માટે આધાર પૂરો પાડે છે.

### 2.3 ભાષાકીય અને સાંસ્કૃતિક સમન્વય

રાષ્ટ્રીય એકતા માટે બહુ–સાંસ્કૃતિક સમાજમાં ભાષાકીય અને સાંસ્કૃતિક સમન્વય ખૂબ જ અગત્યનું છે. વિવિધ ભાષા, ધર્મ, પરંપરા અને જીવનશૈલી ધરાવતા લોકો વચ્ચે પરસ્પર માન–સન્માન અને સહઅસ્તિત્વ રાષ્ટ્રીય એકતા માટે મજબૂત પાયો છે. રાષ્ટ્રીય સ્તરે સંચાર માટે એક સેતુરૂપ ભાષા હોવી જરૂરી છે, જેમ કે ભારતમાં હિન્દી અને અંગ્રેજી વ્યાપક રીતે ઉપયોગમાં લેવાય છે. સાથે જ પ્રાદેશિક ભાષાઓ જેવી કે ગુજરાતી, તમિલ, બંગાળી વગેરેનું સંરક્ષણ પણ મહત્વપૂર્ણ છે. લોકો વચ્ચે ભાવનાત્મક જોડાણ મજબૂત બનાવવા માટે

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

ભાષા મહત્વનું પરિબળ છે. પરસ્પર સન્માન, સહિષ્ણુતા અને સહકાર દ્વારા બહુ–સાંસ્કૃતિક સમાજમાં રાષ્ટ્રીય એકતા વધુ મજબૂત અને પ્રગતિશીલ બની શકે છે. શાળાઓમાં વિવિધ ભાષા અને સંસ્કૃતિઓ વિશેના જ્ઞાનની સાથે ભાષાઓનું સન્માન વિદ્યાર્થીઓનામાં પરસ્પર સમજણ વધારે છે.

**2.4 સામાજિક સમાવેશ**

સામાજિક સમાવેશ એટલે સમાજનો દરેક વર્ગ અમીર–ગરીબ, સ્ત્રી–પુરુષ, આદિવાસી, લઘુમતી, દિવ્યાંગ, વિવિધ ધર્મ–ભાષાવાળા લોકોને સમાન તક, અધિકાર અને દરેકનું સન્માન. દેશની રાષ્ટ્રીય એકતા માટે બહુ–સાંસ્કૃતિક સમાજમાં સામાજિક સમાવેશ ખૂબ જ મહત્વપૂર્ણ છે. જ્યારે વિવિધ ભાષા, ધર્મ, જાતિ, પરંપરા અને જીવનશૈલી ધરાવતા લોકો એક સાથે સન્માન અને સમાનતાથી રહે છે, ત્યારે દેશ મજબૂત બને છે. સમાવેશી શિક્ષણ પદ્ધતિ દ્વારા દરેક વર્ગ અને સમુદાયને સમાન તક મળે તો, રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવી શકાય છે.

**2.5 સહભ્યાસિક પ્રવૃતિઓ**

બહુ–સાંસ્કૃતિક સમાજમાં રાષ્ટ્રીય એકતાને દ્રઢ કરવા માટે શાળામાં અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય છે.

- મહાપુરુષોનાં જન્મદિવસની ઉજવણી
- શાળામાં રાષ્ટ્રીય અગત્યતા ધરાવતા દિવસોની ઉજવણી
- સમૂહજીવન કાર્યક્રમોનું આયોજન
- રાષ્ટ્રીય પ્રતિકોનું સન્માન
- સાંવેગિક એકતા માટે વિવિધ કાર્યક્રમો
- રાષ્ટ્રીય કે સામાજિક સેવાનાં કાર્યોમાં ભાગીદારી
- મહાનુભાવોનાં વાર્તાલાપનાં કાર્યક્રમોનું આયોજન
- વિવિધ મનોરંજનયુક્ત કાર્યક્રમો

### 3. રાષ્ટ્રીય એકતા માટે બહુસાંસ્કૃતિક સમાજમાં શિક્ષકની ભૂમિકા

ભારત જેવા દેશમાં વિવિધ ધર્મ, ભાષા, પરંપરા અને સંસ્કૃતિઓનું સહઅસ્તિત્વ છે, ત્યારે રાષ્ટ્રીય એકતા જાળવવામાં શિક્ષકની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બને છે. બહુ સાંસ્કૃતિક સમાજમાં શિક્ષક માત્ર જ્ઞાન આપનાર નહીં, પરંતુ મૂલ્યો, સહિષ્ણુતા અને સમરસતા વિકસાવનાર માર્ગદર્શક પણ છે.

#### 3.1 સહિષ્ણુતા અને સમાનતાનો વિકાસ

શાળામાં શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓમાં પરસ્પર સન્માન, સહાનુભૂતિ અને સમાનતાની ભાવના વિકસાવી, વિવિધ ધર્મો, ભાષાઓ અને પરંપરાઓ વિશે ગેરસમજ દૂર કરી,રાષ્ટ્રીય એકતાનો પાયો મજબૂત બનાવી શકે  છે.

#### 3.2 બંધારણીય મૂલ્યોનો સંસ્કાર

ભારતનું બંધારણ સમાનતા, સ્વતંત્રતા અને ભાઈચારા જેવા મૂલ્યો પર આધારિત છે. ભારતના  બંધારણ મુજબ શિક્ષક વિદ્યાર્થીઓને ધાર્મિક નિરપેક્ષતા, લોકશાહી અને નાગરિકતાની  જવાબદારીઓ વિશે જાગૃત કરવાં જોઈએ , જેથી તેઓ સારા નાગરિક બની શકે.

#### 3.3 સાંસ્કૃતિક વૈવિધ્યનું સન્માન

શાળામાં વિવિધ તહેવારો, વિશિષ્ટ દિવસો અને સાંસ્કૃતિક કાર્યક્રમો ઉજવી શિક્ષક વિદ્યાર્થીઓને "વૈવિધ્યમાં એકતા"નો સંદેશ આપી શકે છે. આ રીતે બાળકોમાં પોતાની સાથે અન્ય સંસ્કૃતિ પ્રત્યે પણ ગૌરવની ભાવના જન્મે.

#### 3.4 પૂર્વગ્રહ અને ભેદભાવ દૂર કરવો

શિક્ષક વર્ગખંડમાં કોઈપણ પ્રકારના જાતિ, ધર્મ કે લિંગ આધારિત ભેદભાવને સ્થાન આપતા ન હોવા જોઈએ. તેઓએ પૂર્વગ્રહરહિત સમરસ વાતાવરણ ઉભું કરવું જોઈએ.

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

**3.5 રાષ્ટ્રીય ચેતનાનો વિકાસ**

ઈતિહાસ, સ્વાતંત્ર્ય સંગ્રામ અને રાષ્ટ્રીય નાયકોના જીવનપ્રસંગો દ્વારા શિક્ષકે વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ અને એકતાની ભાવના વિકસાવી જોઈએ. એકતા અને અહિંસાનાપાઠો શીખવા જોઈએ.

**3.6 સંવાદ અને સહકારની ભાવના**

શિક્ષકે વિદ્યાર્થીઓને જૂથકાર્ય, જુથચર્ચા જેવી પ્રવૃત્તિઓમાં જોડવા જોઈએ , જેથી તેઓ અન્ય વિદ્યાર્થી સાથે મળીને કાર્ય કરવાનું શીખે. આ રીતે બહુસાંસ્કૃતિક સમાજમાં શિક્ષક એકતા, સમાનતા અને ભાઈચારાને પ્રોત્સાહિત કરનાર મુખ્ય શક્તિ છે.

**4. પડકારો**

બહુ–સાંસ્કૃતિક સમાજમાં વિવિધ ધર્મ, ભાષા, સંસ્કૃતિ અને પરંપરાવાળા લોકો રહે છે. આવા સમાજમાં શિક્ષણ જ રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે, પરંતુ તેને અમલમાં મૂકવામાં કેટલાક પડકારો પણ જોવા મળે છે.

**4.1 શિક્ષણમાં અસમાનતા**

બહુ–સાંસ્કૃતિક સમાજમાં વિવિધ ભાષા, સંસ્કૃતિ, આર્થિક સ્તર અને પ્રદેશના લોકો રહે છે. આવા સમાજમાં અસમાન શૈક્ષણિક તક(Unequal Educational Opportunities) રાષ્ટ્રીય એકતા માટે મહત્વનો પડકાર બની શકે છે. સમાજના બધા વર્ગોને સમાન ગુણવત્તાવાળું શિક્ષણ મળતું નથી. ગ્રામ્ય અને શહેરી વિસ્તારો વચ્ચે ધનિક–ગરીબ વચ્ચેનો તફાવત રાષ્ટ્રીય એકતાને અસર કરે છે.

**4.2 ભાષાકીય, પ્રાદેશિક અને સાંસ્કૃતિક તફાવત**

બહુ–સાંસ્કૃતિક સમાજમાં અલગ અલગ ભાષાકીય, પ્રાદેશિક અને સાંસ્કૃતિક તફાવત હોવાને કારણે શિક્ષણમાં સૌને સમાન રીતે જોડવું મુશ્કેલ બને છે.પ્રાદેશિક અને ભાષાકીય ભેદભાવ બહુ–સાંસ્કૃતિક સમાજમાં વિભાજન ઊભું કરી શકે છે, જે રાષ્ટ્રીય એકતાને અસર કરે

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

છે. પરસ્પર સન્માન, સમાનતા અને સહઅસ્તિત્વની ભાવનાથી આ પડકારને ઘટાડીને રાષ્ટ્રીય એકતા મજબૂત બનાવી શકાય છે.

**4.3 સામાજિક અને ધાર્મિક ભેદભાવ**

કેટલાક સ્થળોએ જાતિ, ધર્મ અથવા સમુદાયના આધારે ભેદભાવ જોવા મળે છે, જે વિદ્યાર્થીઓમાં અસમાનતા અને વિભાજનની ભાવના ઊભી કરે છે. સમાજમાં ઊંચ–નીચની માન્યતાઓથી લોકો વચ્ચે અંતર વધે છે. તેમજ આર્થિક અસમાનતા ધનિક–ગરીબ વચ્ચેનો ભેદ સામાજિક તણાવ ઊભો કરી શકે છે.

ધાર્મિક ભેદભાવની દ્રષ્ટિએ જોઈએ તો પોતાના ધર્મને વધારે મહત્વ આપવું એ વિવિધ ધાર્મિક સમુદાયો વચ્ચે મતભેદ ઊભો કરી સમાજમાં અશાંતિ સર્જે છે. માનવી પોતાની અંધશ્રદ્ધા અને અસહિષ્ણુતાને કારણે પોતાના ધર્મને જ શ્રેષ્ઠ માનવાની માનસિકતા ધરાવે છે, જે રાષ્ટ્રીય એકતા માટે પડકારરૂપ સાબિત થઈ શકે છે.

**4.4 ડિજિટલ ગેરસમજ અને ડિજિટલ અસમાનતા**

જ્યારે સોશિયલ મીડિયા, ઈન્ટરનેટ અથવા ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ખોટી, અર્ધસત્ય અથવા ભ્રામક માહિતી ઝડપથી ફેલાય છે, ત્યારે તેને ડિજિટલ ગેરસમજ ઊભી ત્યારે રાષ્ટ્રીય એકતાને જાળવવી મુશ્કેલભર્યું બને છે. અફવાઓ અને ખોટી માહિતી સોશિયલ મીડિયા પર ઝડપથી ફેલાય છે. લોકો ઘણીવાર માહિતી ચકાસ્યા વગર શેર કરી દે છે. કેટલાક લોકો અથવા જૂથો રાજકીય અથવા સામાજિક સ્વાર્થ માટે ખોટી માહિતી ફેલાવે છે. લોકોમાં ડિજિટલ સાક્ષરતાની અછતને કારણે ગેરસમજ ફેલાય છે. સમાજમાં ગેરસમજ, તણાવ અને વિભાજન વધારતી હોવાથી ડિજિટલ ગેરસમજ અને ડિજિટલ અસમાનતા રાષ્ટ્રીય એકતા માટે પડકાર બને છે.

આધુનિક શિક્ષણમાં ટેકનોલોજી મહત્વની બની ગઈ છે, પરંતુ દરેક વિદ્યાર્થી પાસે ઈન્ટરનેટ અને ડિજિટલ સાધનો ઉપલબ્ધ નથી.

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

### 4.5 જાગૃતિ અને મૂલ્યોની અછત

શિક્ષણ પદ્ધતિઓમાં ઘણીવાર રાષ્ટ્રીય મૂલ્યો, સહિષ્ણુતા અને ભાઈચારાની ભાવના પર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી.

## 5. સૂચિતાર્થો

- અભ્યાસક્રમમાં રાષ્ટ્રીય એકતા અને સંવૈધાનિક મૂલ્યોનો સમાવેશ કરી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવું જોઈએ.
- આંતરસાંસ્કૃતિક કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓની સહભાગિતા વધારવા પ્રયાસ કરવો જોઈએ.
- ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સમાન શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જોઈએ.
- ટેકનોલોજી દ્વારા સમાજમાં વિવિધ સંસ્કૃતિઓને જોડવાનો પ્રયાસ કરવો જોઈએ.
- ખોટી માહિતી સામે જાગૃતિ અભિયાન ચલાવવું.
- પાઠ્યક્રમમાં બંધારણીય મૂલ્યોને વધુ પ્રાથમિકતા આપવી.
- શિક્ષકોને મૂલ્ય શિક્ષણ માટે વિશેષ તાલીમ આપવી.
- શાળાઓમાં બહુસાંસ્કૃતિક સંવાદ કાર્યક્રમો આયોજન કરવું.
- પ્રોજેક્ટ આધારિત શિક્ષણ દ્વારા સહકાર અને સહઅસ્તિત્વના મૂલ્યો વિકસાવવો.
- ગરીબ અને પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશિપ અને સહાય યોજનાઓ આપવી.
- છોકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવું.
- સોશિયલ મીડિયા પર જવાબદારીપૂર્વક માહિતી શેર કરવી.

## 6. નિષ્કર્ષ

"મઝહબ નહીં શીખતા આપસ મેં બૈર રખના,
હિન્દી હૈ હમ વતન હૈ, હિન્દુસ્તા હમારા" –ઈકબાલ

બહુસંસ્કૃતિ સમાજમાં રાષ્ટ્રીય એકતા જાળવવા શિક્ષણ મુખ્ય આધારસ્તંભ છે. તે માત્ર જ્ઞાન આપતું સાધન નથી, પરંતુ વિવિધ ધર્મ, ભાષા, પરંપરા અને સંસ્કૃતિમાં માનવમૂલ્યો અને સામાજિક સમરસતાનું નિર્માણ કરતું શક્તિશાળી માધ્યમ છે. શિક્ષણ દ્વારા લોકોમાં સ્વતંત્રતા, સમાનતા,

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

સહિષ્ણુતા, ધર્મનિરપેક્ષતા, પરસ્પર સન્માન અને ભાઈચારાની ભાવના જે આપણા બંધારણમાં અપનાવેલ મૂલ્યો છે તે લોકોમાં રાષ્ટ્રીય મૂલ્યો અને દેશપ્રેમની ભાવના મજબૂત બનાવે છે. દેશની સમાન શિક્ષણનીતિ વિશાલ જનસમૂદાય ધરાવતા ભારત દેશને અખંડ રાખવામાં વિશિષ્ટ યોગદાન પ્રદાન કરી શકે છે. ભારતની બધી જ શાળાઓમાં શૈક્ષણિક સમાન તકનાં સંદર્ભમાં બધી જ કોમનાં, બધા જ ધર્મનાં બાળકો અભ્યાસ કરતાં હોય છે. તેમના મનમાં પરસ્પર પ્રેમ, મમતા, ભાતૃત્વની ભાવના પ્રગટ કરી શકાય છે. શિક્ષણ જ લાગણીઓ અને સંસ્કૃતિને બહુસાંસ્કૃતિક સમાજને જોડી શકે છે. યોગ્ય નીતિઓ અને સમાવેશી અભિગમ દ્વારા શિક્ષણ રાષ્ટ્રીય એકતાને વધુ મજબૂત બનાવી શકે છે.

વિખરાયેલા મણકા એકસાથે દોરીમાં પરોવવામાં આવતા જ તે માળાનું સ્વરૂપ ધારણ કરે છે તેમ રાષ્ટ્રની પ્રજા વચ્ચે વૈમનસ્ય દૂર થાય, ઐક્ય સધાય તો જ સમગ્ર રાષ્ટ્ર એક વ્યક્તિ બની શકે. વ્યક્તિ પોતાના ભેદભાવો ભૂલી જઈ સંગઠિત બની જાય તો એક રાષ્ટ્ર બની જાય. અંતમાં કહી શકાય કે "વૈવિધ્યમાં એકતા"નું સ્વપ્ન શિક્ષણ દ્વારા જ સાકાર થઈ શકે છે.

**સંદર્ભ સૂચિ**

બારૈયા,વી.(૨૦૧૬).*જ્ઞાન અને અભ્યાસક્રમ* –૨.પ્રતિક પ્રકાશન:આણંદ

બારૈયા,વી.(૨૦૧૪).*ભારતીય સમાજની સમસ્યાઓ અને શિક્ષણ ચિંતકો*.પ્રતિક પ્રકાશન ભારતીય:આણંદ

આચાર્ય,એમ.(૨૦૦૯).*શિક્ષણનાતાત્ત્વિક અને સમાજ શાસ્ત્રીય આધારો*.અક્ષર પબ્લિકેશન:અમદાવાદ

https://www.raijmr.com

https://www.researchgate.net

https://ijirt.org